# Official Spokesperson's response to media queries on the incident of desecration of the sanctity of Gurudwara Shri Darbar Sahib in Pakistan

November 30, 2021

# પાકિસ્તાનમાં ગુરુદ્વારા શ્રી દરબાર સાહિબની પવિત્રતાનો ભંગ કરવાની ઘટના અંગે મીડિયાના પ્રશ્નો પર સત્તાવાર પ્રવક્તાનો જવાબ

નવેમ્બર 30, 2021

**પાકિસ્તાનમાં ગુરુદ્વારા શ્રી દરબાર સાહિબની પવિત્રતાનો ભંગ કરવાની ઘટના અંગે મીડિયાના પ્રશ્નો પર જવાબ આપતા સત્તાવાર પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ જણાવ્યું હતું, :**

"પાકિસ્તાનની એક મોડેલ અને એક ક્લોથિંગ બ્રાન્ડ દ્વારા કરતારપુર ખાતે ગુરુદ્વારા શ્રી દરબાર સાહિબની પવિત્રતાનો ભંગ કરવામાં આવ્યો તે અંગે અમારી ચિંતા વ્યક્ત કરવા માટે આજે પાકિસ્તાનના દૂતને બોલાવવામાં આવ્યા હતા.

આ વખોડવાલાયક કૃત્યના કારણે ભારતમાં અને વિશ્વભરમાં શીખ સમુદાયની લાગણી દુભાઈ છે. પાકિસ્તાનમાં લઘુમતી સમુદાયના પૂજા કરવાના ધાર્મિક સ્થળોનું વારંવાર અપમાન અને તેને નુકસાન પહોંચાડવાની ઘટનાઓ દર્શાવે છે કે પાકિસ્તાનમાં આ સમુદાયની આસ્થા પ્રત્યે સન્માનનો અભાવ પ્રવર્તે છે.

આ ઉપરાંત વધુમાં જણાવવામાં આવે છે કે પાકિસ્તાની સત્તાવાળાઓ આ ઘટનાની વ્યવસ્થિત તપાસ કરીને તેમાં સામેલ લોકો સામે કાર્યવાહી કરે તેવી અપેક્ષા રાખીએ છીએ."

**નવી દિલ્હી**
**નવેમ્બર 30, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.